## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



ચીમનભાઈ ઝવેરભાઈ ગોહેલ (૧૯૩૩) ફોન: ૨૩૨ ૬૦૪૩૨



હંસાબેન મધુસુદન ગાંધી (૧૯૪૦) ફોન: ૨૩૨ ૨૩૫૬૯



પાર્વતીબેન રમણલાલ પ્રજાપતિ (૧૯૩૫) ફોન: ૨૩૨ ૧૧૦૫૧



મગનભાઈ ડોસાભાઈ પરમાર (૧૯૪૩) ફોન: ૨૩૨ ૨૯૬૨૦

## ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ની ૧૧૨મી ખેડ શાખાનો શુભારંભ

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકે ગ્રામ્ય પ્રજાના હિતમાં તેની ૧૧૨મી શાખા હિંમતનગર તાલુકાના ખેડમુકામે ખુલ્લી મુકી છે.

આ શુભ પ્રસંગે શાખાના ઉદ્‌ઘાટક અનેબેંકના ચેરમેન અમીરચંદ પટેલે ૧૯૫૯ થી સેવા આપતી આ સહકારી બેંકના અનેક પ્રસંગો વાગોળ્યા હતા અને બેંકની વિવિધ સેવાઓથી ગ્રાહકો અને મહાનુભાવોને માહિતગાર કર્યા હતા અનેખેડ મુકામે બેંકની ૧૧૨મી શાખાનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં રાજ્ય જમીન વિકાસ બેંકના ચેરમેન કનુભાઈ પટેલ, સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સંસ્થાના ડિરેક્ટરો, કર્મચારીઓ, ગ્રામજનો અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સ્માર્ટ આર.સી. કાર્ડ યોજનાનો પ્રારંભ

### નવા સ્માર્ટ આર.સી. કાર્ડમાં વાહન અને વાહન ચાલકની તમામ વિગતોનો સમાવેશ કરાશે

ગાંધીનગર, તા.૨૬

વાહનોને લગતી ગુન્હાખોરી અટકાવવા અને કામગીરીના સરળીકરણ માટે રાજયની તમામ આરટીઓ કચેરીઓમાં સ્માર્ટ આર.સી. કાર્ડ પ્રોજેકટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વડોદરા ખાતે તાજેતરમાં યોજાયેલી સ્વામી વિવેકાનંદ યુવા પરિષદમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે સ્માર્ટ આર.સી. બુકનું લોકાર્પણ થયું હતું.

રાજયના આર્થિક વિકાસ દરની વૃધ્ધિ સાથે વાહનોની સંખ્યામાં પણ સતત વધારો થયો છે. વર્ષ ૨૦૦૧-૦૨માં ગુજરાતમાં ૩.૮૪ લાખ નવા વાહનોની નોંધણી થઈ હતી જયારે વર્ષ ૨૦૧૧-૧૨માં આ સંખ્યા ૧૪.૨૧ લાખની થઈ છે. જેના કારણે વાહન વ્યવહાર વિભાગની જવાબદારીમાં પણ વધારો થયો છે. રાજયમાં આવેલી આરટીઓ કચેરીમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને વધુ સરળ અને ઝડપી સેવા આપી શકાય તે હેતુથી સ્વર્ણિમ આરટીઓ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે.જે અંતર્ગત સામાન્ય નાગરિકોને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ થકી ઝડપી સેવા આપી શકાય છે. જે અંતર્ગત સ્માર્ટ આર.સી. કાર્ડની કામગીરી શરુ કરવામાં આવી છે. અગાઉ વાહન નોંધણી સમયે હાથથી લખેલી આર.સી. બુક આપવામાં આવતી હતી. જે તૈયાર કરવામાં સમય અને મહેનત વધુ થતી હતી. તેના સ્થાને એનઆઈડી સંસ્થા દ્વારા ડિઝાઈન કરેલ નવું સ્માર્ટ આરસી કાર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ કાર્ડમાં વાહન અને વાહનધારકની તમામ જરુરી વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વાહન નોંધણી થયાના થોડાક જ સમયમાં સ્માર્ટ આરસી કાર્ડ વાહનના માલિકને સ્પીડ પોસ્ટ દ્વારા પહોંચાડવામાં આવશે. આ કાર્ડ સાચવવું અને સાથે રાખવું સરળ છે. તેનું ડુપ્લીકેશન મુશ્કેલ હોવાથી વાહનોને લગતી ગુન્હાખોરીને મહદ અંશે અટકાવી શકાય છે.



ગુજરાત રાજયમાં શ્રાવણ-ભાદરવો માસ એટલે ધાર્મિક ઉત્સવોનો માહોલ. જેમાં ભાદરવી સુદ અગિયારસના દિવસે ભગવાનની ઘેર ઘેર પધરામણીનો અનેરો ઉત્સવ ભાવિકભક્તોજનો દ્વારા ઉજવવામાં આવે છે. જેમાં ચિલોડા ગામમાં દર વર્ષની પરંપરા મુજબ રામજી મંદિરેથી ભગવાનને શણગારેલી પાલખીમાં બેસાડીને સમગ્ર ગામમાં ઘરે ઘરે ભગવાનની પધરામણી કરી જલઝલણી ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. જેમાં ભગવાનની પાલખી ભક્તજનો ખભે લઈ ઘરે ઘરે પધરામણી કરતાં ભાવિકભક્તોએ શ્રદ્ધા અને વિશ્વાસથી ભગવાનની પૂજા-અર્ચના કરી આરતીનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. આમ ચિલોડા ગામમાં જુદા જુદા વિસ્તારમાં મંદિરના આયોજક દ્વારા બે પાલખીનું આયોજન કરી સમગ્ર ગ્રામજનોને દર્શનનો લાભ મળે તેવું આયોજન કર્યું હતું. આ ભગવાનની પધરામણીમાં આયોજક દ્વારા પંજરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. જેમાં ગ્રામજનોએ યથાશક્તિ મુજબ દાન ભેટ આપી સહયોગી બન્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# માણસા કોંગ્રેસ દ્વારા બુથ મેનેજમેન્ટ માટે સભાનું આયોજન કરાયું




(તસવીર : મયુરધ્વજસિંહ વાઘેલા)

માણસા, તા.૨૬

રાજયમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. રાજયમાં વિવિધ પક્ષો સત્તા પ્રાપ્ત કરવા તૈયારીઓ કરવા માંડયા છે ત્યારે માણસા કોંગ્રેસ સમિતિ દ્વારા મતદારોને આગામી ચૂંટણીમાં મતદાન મથક સુધી લાવનાર બુથ કાર્યકરોનું સંમેલન બોલાવવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતાં.

મળતી માહિતી અનુસાર ચૂંટણી પંચ દ્વારા ટૂંક સમયમાં રાજય વિધાનસભાની ચૂંટણી અંગે જાહેરનામું બહાર પાડવામાં આવશે. ત્યારે હાલ વિવિધ પક્ષો ચૂંટણી જીતવાના પ્રયત્નોમાં લાગી ગયા છે. આ વખતે કોંગ્રેસ પક્ષ પણ આત્વિશ્વાસ સાથે સત્તા હાંસલ કરવા કોઈ કસર છોડવા માંગતી નથી અને હારના મુખ્ય કારણોમાં બુથ મેનેજમેન્ટનો અભાવ હોવાનું જણાતા આ વખતે તેના પ્રત્યે ખાસ ધ્યાન આપ્યું છે. જે અંતર્ગત આજે માણસા રિદ્રોલ રોડ પર આવેલા કડવા પાટીદાર સમાજ વાડી ખાતે પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બુથ મેનેજમેન્ટ માટે કાર્યકરોનું સમેલન યોજાયું હતું. જેમાં અગ્રણીઓએ બુથ મેનેજમેન્ટ અંગે કાર્યકરોને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં નેતાઓ અને કાર્યકરો હાજર રહ્યા હતાં.

# કેશુબાપા આજે વિરપુરથી પરિવર્તન યાત્રા શરૂ કરી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ આવતીકાલ ૨૭મી સપ્ટેમ્બરે સૌરાષ્ટ્રના યાત્રાધામ વીરપુર ખાતેથી પરિવર્તન યાત્રાનો શુભારંભ કરીને ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે.

ભાજપ સાથે છેડો ફાડીને ગુજરાત પરિવર્તન પાર્ટી નામના નવા પક્ષની કેશુભાઈ પટેલે સ્થાપના કરીને ગુજરાત ભાજપ સામે મોરચો માંડ્યો છે. રાજયભરમાં નવા પક્ષના સંગઠનને મજબુત બનાવવા માટેના સંમેલનોનો દોર હાથ ધર્યા બાદ હવે કેશુભાઈ પટેલ ગુજરાતમાં આગામી ચૂંટણીમાં પરિવર્તન લાવવાના સંદેશ સાથેની પરિવર્તન યાત્રાનો આરંભ કરનાર છે.

આવતીકાલે વીરપુર ખાતે જલારામ બાપાના મંદિરે મસ્તક ટેકવીને કેશુબાપા પરિવર્તન યાત્રા શરૂ કરશે. રાજકોટ જૂનાગઢ, અમરેલી સહિતના જિલ્લાઓમાં આ યાત્રા ફરશે અને વિવિધ તાલુકાઓમાં જાહેર સભાઓને સંબોધીને પ્રજાજનોને આગામી ચૂંટણીમાં ગુજરાતમાં પરિવર્તન લાવવાનો સંદેશો આપશે.

કેશુબાપાની આવતીકાલથી નિકળનારી પરિવર્તનયાત્રા રાજ્યના ૧૮૨ વિધાનસભા વિસ્તારોમાં ફરનારી છે. આ યાત્રા સળંગ બે મહિના ચાલશે. આ યાત્રા દરમ્યાન લોકોને ગુજરાતમાં પરિવર્તન લાવવાનો સંદેશ આપવા ઉપરાંત ગુજરાત પરિવર્તન પાર્ટી સત્તા ઉપર આવશે તો પ્રજાને શું આપશે તેના વચનોની ગાથાઓ પણ કેશુબાપા વર્ણવશે. કેશુબાપા આવતીકાલે વીરપુરથી પરિવર્તન યાત્રાનો શુભારંભ કરશે તેની સાથે જ આગામી વિધાનસભા ચૂંટણી માટેનું રણશીંગુ ફુંકીને ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરશે.

# ૨૪ નાયબ કલેક્ટરો અને પાંચ મામલતદારોની બદલીના હુકમો

### જિલ્લાના બે ચૂંટણી અધિકારી બદલાયા : પુરવઠા અધિકારી તરીકે સંજય જોશી નિમાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના બે ચૂંટણી અધિકારીઓની બદલીના હુકમો આજે કરવામાં આવ્યા છે. વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓને પગલે અધિકારીઓની બદલીનો સિલસિલો હજુ ચાલુ રહેવા પામ્યો છે.

રાજયના મહેસુલ વિભાગે ૨૪ નાયબ કલેક્ટરોની બદલી કરી છે જ્યારે પાંચ મામલતદારોની બદલી કરી છે અને ૧૩ જેટલા નાયબ મામલતદારોને મામલતદાર સંવર્ગમાં બઢતી આપતા હુકમો કર્યા છે. પંચાયત વિભાગે પણ ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી પંચાયતની જગ્યા પર નિમણુંક આપતા હુકમો કર્યા છે.


મહેસુલ અને પંચાયત વિભાગ દ્વારા કરાયેલા બદલીના હુકમોને પગલે જિલ્લાની વિધાનસભાની બે બેઠકોના ચૂંટણી અધિકારી બદલાયા છે. ગાંધીનગર(દ)ની બેઠક માટે નવનિયુક્ત નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) ફરજો બજાવશે તે જ રીતે દહેગામ બેઠક માટે જિલ્લા પુરવઠા અધિકારીની બદલી કરી તેમના સ્થાને બીજા અધિકારી નિયુક્ત કરાયા છે.

આમ ગાંધીનગર(દ) અને દહેગામ બેઠકના ચૂંટણી અધિકારીઓ બદલાયા હોવા ઉપરાંત ગાંધીનગર કલેકટર ઓફિસમાં ચીટનીસની જગ્યા પર શ્રીમતિ જરૂની નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગરના પૂર્વ મામલતદાર અને નાયબ કલેક્ટર તરીકે નિમણુંક પામેલા શ્રી વિક્રમસિંહ જાદવની નિમણુંક ચૂંટણી કમિશનરની કચેરીમાં કરવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લા પુરવઠા અધિકારી શ્રીમતિ પી.એ. નિનામાની બદલી જમીન સંપાદન અધિકારી તરીકે ગાંધીનગર ખાતે જ કરવામાં આવી છે જ્યારે તેમની જગ્યા પર નવા પુરવઠા અધિકારી તરીકે અગાઉ ભાવનગરના નાયબ મ્યુનિ. કમિશનર તરીકે ફરજો બજાવતા શ્રી સંજય જોશીની નિમણુંક કરવામાં આવી છે.

## શબ્દાવલી - ૪૮૫૪



**આડી ચાવી**

૧. બેલેન્સને ગુજરાતીમાં... કહેવાય (૪)
૫. ગણપતિ બાપાને... બહુ ભાવે (૩)
૭. જૈનોનો અપાસરો (૪)
૮. પાનખર (૪)
૧૦. પાડ, મહેરબાની (૪)
૧૧. રિબીન (૩)
૧૨. પવન (૨)
૧૫. તાકાત (૨)
૧૬. ગરજુડુ (૫)
૧૮. મંજુર કરાવવું (૪)
૨૦. અણબનાવ (૩)
૨૧. સેવની એક વાનગી (૩)

**ઊભી ચાવી**

૧. મેસેજ, સંદેશો (૩)
૨. કડવા-તીખા-ગળ્યા જેવો એક સ્વાદ (૫)
૩. લપસણી (૫)
૪. માણસ, મનુષ્ય (૨)
૫. ધિક્કાર (૩)
૬. સમાચાર (૩)
૮. કામથી નવરૂં થવું (૫)
૯. વૃધ્ધાવસ્થા (૨)
૧૦. અવગણના, અનધિકાર (૫)
૧૧. વજન, ભાર (૨)
૧૩. એક તેજાનો (૨)
૧૪. શુધ્ધિ, હોંશ (૨)
૧૬. સળ, કરચલી (૨)
૧૭. વીજળીનું દોરડું (૩)
૧૯. નોકર (૨)

### શબ્દાવલી ૪૮૫૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) રાંક (૩) પનાહ (૬) લાવારિસ (૮) જંગ (૯) આત્મહત્યા (૧૦) માંગણી (૧૧) લીક (૧૨) ગલગલીયા (૧૫) બલી (૧૬) નફરત (૧૯) કરાર (૨૧) તકાજો (૨૨) દાનવ (૨૩) નવજાત

**ઊભી ચાવી :-** (૧) કલાત્મક (૩) પરિત્યાગ (૪) નાસ (૫) માંગણીયા (૭) વાહ (૮) જંગલી (૯) આલીશાન (૧૦) ફતન (૧૮) તજો (૨૦) રખાત

# થાનગઢમાં દલિત અત્યાચારના વિરોધમાં ગાંધીનગરમાં ધરણા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ અખબારી યાદીમાં જણાવે છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા થાનગઢ પોલીસ ગોળીબારથી ૩ વ્યકિતના થયેલા કરૂણ મોતના વિરોધમાં ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિમાં એસ.સી. સેલના ઉપક્રમે વિરોધ પ્રદર્શન ધરણાંનો કાર્યક્રમ પથિકાશ્રમ પાસે બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી રાખેલ જેમાં કોંગ્રેસના કાર્યકરો, મહિલાઓ, યુવા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. તથા જુદાં જુદાં સેલના હોદ્દેદારો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહેલા અને કલેકટરશ્રીને જરુરી વિરોધ દર્શાવતું આવેદનપત્ર ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ડૉ. સી.જે. ચાવડા પ્રમુખ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ, ગુજરાત પ્રદેશ મહામંત્રીશ્રી નિશિતભાઈ વ્યાસ, ડેપ્યુટી મેયરશ્રી યુસુફભાઈ પરમાર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી પ્રવિણભાઈ પટેલ, પક્ષના નેતાશ્રી ચિમનભાઈ વિંઝુડા, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહીલ યુથ કોંગ્રેસ, પ્રદેશ મંત્રીશ્રી ડૉ. હિમાંશુ પટેલ તથા શહેર એસ.સી. સેલના ચેરમેનશ્રી મગનભાઈ પરમાર, જિલ્લા એસ.સી. સેલના ચેરમેનશ્રી રમેશભાઈ પરમાર, શ્રી કે.આર. પટેલ, શ્રી કે.પી. સોલંકી, શ્રી જુગાજી ઠાકોર અને શ્રી સેંધાજી ઠાકોર વગેરેની હાજરીમાં આપવામાં આવેલ છે.

## ગાંધીનગર હોમગાર્ડ દ્વારા આભાર દર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

રાજય સરકાર દ્વારા હોમગાર્ડના જવાનોના દૈનિક વેતન, પરેડ ભથ્થું અને ભોજન ખર્ચમાં વધારો કરવામાં આવ્યો છે. રાજય સરકારના આ ઉમદા નિર્ણય બદલ આજરોજ ગાંધીનગર જિલ્લા હોમગાર્ડના જવાનો દ્વારા રાજય શિક્ષણ મંત્રી અને જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનવા એક કાર્યક્રમનું આયોજન ટાઉન હોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

હોમગાર્ડ જવાનોની સેવાને સમાજ માટે મહત્વપૂર્ણ ગણાવી જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ગાંધીનગર રાજયનું પાટનગર છે. જેથી અવારનવાર રાજય સરકારના અને અન્ય કાર્યક્રમનું આયોજન થાય છે. આ કાર્યક્રમના સફળ આયોજન માટે પોલીસ જવાનો સાથે સાથે હોમગાર્ડના જવાનો પુરી નિષ્ઠાથી કામ કરે છે. તે સિવાય જિલ્લામાં ટ્રાફિક વ્યવસ્થાના સુચારું આયોજન, ચોરીના બનાવો અટકાવવા, અને અન્ય બંદોબસ્તમાં હોમગાર્ડના જવાનો પોતાની ફરજ નિષ્ઠાથી બજાવે છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૧૦૮ જેવી સેવા હોમગાર્ડના જવાનો આપી રહ્યા છે. હોમગાર્ડના જવાનો સાચા અર્થમાં સેવાને વરેલા છે. જેથી હોમગાર્ડ જવાનો અત્યાર સુધી માત્ર દૈનિક ૮૦/- રૂપિયામાં પણ પુરી નિષ્ઠા અને ઈમાનદારીથી પોતાની સેવા બજાવતા હતા. પરંતુ રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની આ સેવાની કદર કરી છે. આજે હોમગાર્ડ જવાનોને દૈનિક વેતન રૂ. ૮૦/- ના બદલે રૂ. ૨૦૦/-,પરેડ ભથ્થું રૂ. ૧૪/- ના બદલે રૂ. ૬૦/-, ભોજન ખર્ચ રૂ. ૧૬/- ના બદલે રૂ. ૧૦૦/- રૂપિયા કરી દેવામાં આવ્યું છે. તે ઉપરાંત ૪ વર્ષ બે જોડી યુનિફાર્મ મળતા હતાં. તેના બદલે દર વર્ષ એક જોડી યુનિફાર્મ આપવાનું નક્કી કર્યુ છે.

જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંગલે જણાવ્યું હતું કે, પોલીસ જવાનો વરસાદ, ઠંડી અને ભરઉનાળે પણ પોતાની ફરજ બજાવે છે. તે જ રીતે હોમગાર્ડના જવાનો પણ પોતાની ફરજ બજાવે છે. આજે હોમગાર્ડના જવાનો પોલીસ તંત્રનું અવિભાજય અંગ બની ગયા છે.

# વાસ્મો દ્વારા જિલ્લાનાં ૧૭ ગામોના ૧.૯૭ કરોડનાં કામોને મંજૂરી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી મોડીયાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે મળી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના કુલ- ૨૨૯ ગામની રૂપિયા ૩૫૨૪.૪૯ લાખનાં કામોને મંજૂરી આપવામાં આવેલ છે. પાણી સમિતિઓ દ્વારા રૂપિયા ૩૪૫.૧૬ લાખનો લોકફાળો એકત્ર કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા રૂપિયા ૨૮૪૮.૧૫ લાખની ફાળવણી જે તે ગામની પાણી અને સ્વચ્છતા સમિતિઓને કરવામાં આવી છે. મંજૂર કરેલી યોજનાઓ પૈકી ગ્રામ્ય પાણી અને સ્વચ્છતા સમિતિઓ દ્વારા ૧૯૧ ગામની યોજનાઓનાં કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. ૩૮ ગામની યોજના વિવિધસ્તરે -ગતિ હેઠળ છે.

નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી.મોડીયાનાં અધ્યક્ષ સ્થાને, સભ્ય સચિવ શ્રી એ.એચ.મલીકની ઉપસ્થિતિમાં જિલ્લા સમિતિનાં સભ્યો, ગુજરાત પાણી પુરવઠા બોર્ડ તેમજ વાસ્મોનાં અધિકારીઓ સાથે ગામોની યોજનાની -ગતિની સમીક્ષા અન્વયે તા. ૨૪/૦૯/૨૦૧૨નાં રોજ યોજાયેલ બેઠકમાં ૧૭ ગામોની રૂપિયા ૧૯૬.૭૯ લાખનાં કામોને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકમાં ૩૩ ગામોની પાણી સમિતિઓની યોજનાઓને રૂપિયા ૧૧૩.૯૧ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાને મોડલ જિલ્લા તરીકે વધારે સક્ષમ કામગીરી હાથ ધરવા હેતુસર ગામનાં દરેક ઘરે ૧૦૦ ટકા નળ કનેકશનથી પાણી મળી શકે તે માટે જે તે ગ્રામ પંચાયતોને તાકીદ કરવાનું જણાવ્યું છે. ગાંધીનગર જિલ્લાના ગામોમાં૯૬ ટકા ઘરોમાં પાણીનાં નળ કનેકશન ધરાવે છે. જેથી ગ્રામ પંચાયત તેમજ પાણી સમિતિઓ દ્વારા આ કામગીરીને વેગ આપવામાં આવે તો આગામી ટૂંક સમયમાં જિલ્લાનાં તમામ ઘરોને નળ કનેકશન તરફ આગળ વધી શકાય.

## નાયબ જિલ્લા વિકાસ અધિકારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારના પંચાયત વિભાગે ગઈકાલે સાંજે આ હુકમો જારી કર્યા હતા. નવા નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની નિમણુંક થતાં પંચાયતમાં અધિકારીઓને બેસવા માટેની સમસ્યા હવે વધુ ઘેરી બનશે. શ્રી દવેને હાલ પ્રથમ માળે અથવા બીજા માળે બેસવાની વ્યવસ્થા કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત ચૂંટણી માટેના અધિકારીઓ જે નિયુક્ત થશે તેમના માટે પણ કચેરીમાં બેસવાના પ્રશ્નો ઉભા થશે તેમ મનાઈ રહ્યું છે.

## સાયકલ મહાયાત્રામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરથી પણ ઉપલબ્ધ થશે. સંપૂર્ણ વિગત સાથે ભરેલાં ફોર્મ પરત કરવાના સ્થળોની યાદી નીચે મુજબ છે જ્યાં આપનાં ફોર્મ નીચેનો ભાગ કાપી આપની પાસે રાખી ફોર્મ બોક્સમાં નાંખવા વિનંતી છે.

ગેઝીયા ઓફિસ, જી.આઈ.ડી.સી. એ-૨૫, ફિઝીયોથેરાપી સેન્ટર સે. ૨૨, અમુલ પાર્લર ઘ-૬, પટેલ પાર્લર ઘ-૫, ઘ-૨ અને ચોવીસ ચોકડી, આવકાર હોટેલ સે. ૧૬, ગાયત્રી મંદિર સે. ૧, વિમલ સે. ૨૧, રાધે સ્વિટ્સ સે. ૧૧, એમ.એમ.સ્પોર્ટસ સે. ૧૧, આઈ.ડી.બી.આઈ. બેન્ક ઈન્ફોસિટી, ગાંધીનગર સમાચાર સે. ૮, જૂના સચિવાલય કેન્ટિન, ઉદ્યોગભવન કેન્ટીન, સમક્તિ સેલ્સ હાર્ડવેર ખ-૦

સાયકલ મહાયાત્રામાં સહભાગી થનાર 'પર્યાવરણ મિત્ર'ને લકી ડ્રો દ્વારા ઈનામરૂપે સાયકલો ભેટમાં આપવામાં આવનાર છે. વિપૂલ સાયકલ સ્ટોર સે. ૨૨ ખાતે દિનાંક ૨૯ - ૩૦ - ૧ના રોજ ફ્રિ સાયકલ સર્વિસ કેમ્પ રાખ્યો છે. જ્યારે એજ સ્થળે નં. ૩૦ - ૧ના રોજ કંપની ભાવે સાયકલ વેચાણનું પણ આયોજન થયું છે.

આ સમગ્ર કાર્યને સફળ બનાવવાં સેક્ટર પ્રતિનીધી સ્વયંસેવકોની જરૂર છે તો સેવાભાવી લોકોને ફોન નં. ૨૩૨-૮૮૩૩-૫૫-૬૬ પર સંપર્ક કરવાં જણાવાયુંછે. ગાંધીનગરની ઉત્સાહી જનતા આ સાયકલ યાત્રામાં અવશ્ય ભાગ લે એવું હાર્દીક આમંત્રણ રોટરીના પ્રમુખ સમીર ત્રિવેદી અને ગેઝીયાના પ્રમુખ એચ.એમ. પટેલે આપ્યું છે.